| GJAR030016682024 | | રજુ તારીખ: | ૧૮/૧૦/૨૦૨૪ |
|---|---|---|---|
| | | દાખલ તારીખ: | ૧૮/૧૦/૨૦૨૪ |
| | | ફેસલ તારીખ: | ૧૧/૦૩/૨૦૨૬ |
| | | કુલ અવધી: | દિવસ–માસ–વર્ષ |
| | | | ૨૪ – ૦૪ – ૦૧ |

# ભિલોડાના મેં. જુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ સમક્ષ મુ. ભિલોડા.

**ફોજદારી ફરિયાદ નં. ૧૨૨૭/૨૦૨૪**
**આંક : ૫૫**

**ફરિયાદી : –** **પટેલ રાંમાભાઈ કાહ્યાભાઈ,** ઉ.વ. પુખ્ત,
રહે. ઠે. ખેરંચા, તા. ભિલોડા, જી.અરવલ્લી.

**: : વિરૂદ્ધ : :**

**આરોપી : –** **પટેલ શાંમળભાઈ કાળાભાઈ,** ઉ.વ. પુખ્ત,
સ્ટેમ્પ વેન્ડર – મામલતદાર કચેરીની બહાર,
તા. ભિલોડા, મુ. તા. ભિલોડા, જી. અરવલ્લી.

**ગુન્હોઃ – ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબ .....**

**ફરિયાદ પક્ષે વિ.વ..શ્રી. એમ.એચ.પટેલ.**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી. બી.એમ.રબારી.**

# JUDGMENT

## -::ચુ કા દો::-

(૧) ફરિયાદની ટુંકમાં હકીકત એ મુજબની છે કે, ફરીયાદી અને આરોપી એકજ સમાજના આંજણા પટેલ (ચૌધરી) સમાજના ઈસમ છે. આરોપી ભિલોડા મુકામે રહે છે અને મામલતદાર કચેરીના કેમ્પસમાં, ભિલોડા મુકામે સ્ટેમ્પ વેન્ડરનો ધંધો કરે છે. અને આરોપી પોતાની ઓળખાણ સ્ટેમ્પ વેન્ડર તરીકે લોકોને આપે છે. આરોપીના દીકરા ચૌધરી રવીકુમાર શામળભાઈ આરોપી સાથે બેસી ટાઈપ નું કામ કરે છે. આરોપીના દીકરા, આરોપી અને અમો ફરીયાદી એકજ જ્ઞાતિના હોવાના કારણે આરોપીના દીકરા સાથે તેઓને પરિચય થયેલ છે.

(૨) ફરીયાદી ખેતી તથા પશુપાલનનો વ્યવસાય કરે છે અને સેવા મંડલીમાં સેક્રેટરી તરીકે નોકરી કરે છે. ફરીયાદી સુખી સંપન્ન માણસ છે આ કામના આરોપીના દીકરા રવીકુમારને નાણાની જરૂરીયાત હોઈ જાન્યુઆરી સને ૨૦૨૪ માં ફરીયાદી તથા ફરીયાદીના ભાઈ કનુંભાઈ કાહ્યાભાઈનો સમ્પર્ક આરોપીના દીકરા રવીકુમારે કરેલ અને આરોપીના દીકરાને રૂ.૧,૭૦,૦૦૦/- એક લાખ સીત્તેર હજારની જરૂરિયાત હોઈ આરોપીના દીકરાએ ફરીયાદી અને ફરીયાદીના ભાઈ કનુભાઈ પાસેથી હાથ ઉછીના પૈસા મેળવવા માગણી કરેલ અને આરોપીની માંગણી ગ્રાહ રાખી આરોપીના દીકરા રવીકુમારને રૂ.૧,૭૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ સિત્તેર હજાર હાથ ઉછીના આમો ફરીયાદીએ આપેલા અને આરોપીના દીકરાએ સમયસર રકમ ફરીયાદીને ચૂકવેલ નહી જેથી ફરીયાદી અને ફરીયાદીના ભાઈ કનુંભાઈએ આરોપીનો અને આરોપીના દીકરાનો તા. ૧૯/૦૬/૨૦૨૪ ના રોજ સમ્પર્ક કરેલ જેથી આ કામના આરોપીએ ફરીયાદીને જણાવેલ કે મારો દીકરાએ નાણા લીધેલ છે તે રકમ હું ચૂકવી આપીશ યાને કે આ કામના આરોપી અમો ફરીયાદીની

લેહણી રકમ ચૂકવી આપશે તેવી જવાબદારી આરોપીએ સ્વીકારેલ અને ફરીયાદીનું કાયદેસરનું લેહ્ણું આરોપીના દીકરા પાસે હતું તે રકમ આરોપીએ તેમના દીકરા વિતીથી ચૂકવી આપવાની આરોપીએ જવાબદારી લીધેલ અને આરોપીએ ફરીયાદીને લેહણી રકમ ચૂકવી આપવા માટે તેમના એચ.ડી.એફ.સી બેંકની શામળાજી શાખાનો તેઓના ખાતાનો ચેક નં. ૦૦૦૦૩૧ તા. ૦૫–૦૭–૨૦૨૪ ના રોજનો રૂ. ૧,૭૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ સિત્તેર હજાર પુરાનો પોસ્ટ ડેટેડ ચેક ઉપર આરોપીએ સહી કરી ફરીયાદીને આપેલ જે ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને એવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેકમાં જણાવેલ તારીખે ચેક બેંકમાં રજુ કરવાથી ચેકમાં જણાવ્યા મુજબની પુરેપુરી રકમ મળી જશે જેથી આરોપીની વાત ઉપર વિશ્વાસ રાખી ચેક ફરીયાદીએ સ્વીકારેલ. આરોપીના દીકરા રવીકુમારે તા.૧૯–૦૬–૨૦૨૪ ના રોજ તે અંગે બાહેધરી પત્ર રૂ.૩૦૦/– ના સ્ટેમ્પ ઉપર નોટરી એડવોકેટશ્રીની ઓફીસમાં જઈ નોટરી રૂબરૂ ફરીયાદીને કરી આપેલ છે.

(૩) બાદ, આરોપીએ ફરીયાદીને આપેલ ચેક એચ.ડી.એફ.સી બેંક લી શામળાજી શાખાનો તેઓના ખાતાનો ચેક નં. ૦૦૦૦૩૧ તા.૦૫–૦૭–૨૦૨૪ ના રોજનો રૂ. ૧,૭૦,૦૦૦/– (રૂપિયા એક લાખ સિત્તેર હજાર પુરાનો ક્લીયર્ન્સ માટે ફરીયાદીના ખાતાવાળી ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. શામળાજી શાખામાં તા.૦૯–૦૮–૨૦૨૪ ના રોજ ક્લીયરન્સ માટે રજુ કરતા તા.૧૨–૦૮–૨૦૨૪ ના રોજના મેમાથી બેંક 20 – **Payment Stopped by Drawer** ના મેમાથી ચેક પરત કરલે અને ચેકમાં જણાવ્યા મુજબની રકમ ફરીયાદીને મળેલ નથી અને ચેક ડીસઓનર થયેલ. જે આરોપી સારી રીતે જાણતા હતા કે આરોપીએ જે ચેક ફરીયાદીને નાણા પરત આપવા માટે આપેલ હતો તે ચેકના નાણા ફરીયાદીને ન મળે અને બેંક સદર ચેકને ક્લીયરન્સ

ન કરે તેવા બદ આશયથી આરોપીએ ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ અને ચેકની રકમ રૂ. ૧,૭૦,૦૦૦/– ફરીયાદીને મળેલ નથી. જેથી ફરીયાદીએ નેગોશીયેબળ ઈન્સટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ મુજબ આરોપીને તેમના રહેઠાણના સરનામે તેમજ આરોપીના ધંધા/વ્યવસાયના સરનામે તા.૦૯–૦૯–૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં સદર નોટીસનો આરોપીએ અમલ કરલે નથી કે ચેકના નાણા ચૂકવી આપેલ નથી. જેથી ફરીયાદીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટની કલમ – ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે જેથી હાલની ફરિયાદ દાખલ કરલે છે.

(૪) ઉપરોક્ત કારણો સર આરોપી સામે **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮** અન્વયે ગુનો કર્યા સબબ ફરિયાદ દાખલ કરેલ છે. જે ફરિયાદને સૌપ્રથમ ફોરજદારી રજીસ્ટરે નોંધવામાં આવેલ અને, બાદમાં અત્રેની કોર્ટએન પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા એન.આઈ.એક્ટ કલમ – ૧૩૮ મુજબ નો ગુનો બનતો હોઈ તે **ફરિયાદ રજીસ્ટરે લઈ આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ – ૨૦૪ મુજબનો સમન્સ કરવાનો હુકમ કરેલ છે.**

(૫) આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થયેલ છે અને **આંક – ૦૬ થી આરોપીની પ્લી** લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેની વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. આ કામે આરોપીની પ્લી સમન્સ ટ્રાયબલની કાર્યવાહીની રીતે લીધેલ હોય તેમજ કેસમાં સમગ્ર પુરાવો સમન્સ ટ્રાયબલ કાર્યવાહીની પદ્ધતિથી થયેલ છે.

(૬) **ફરિયાદ પક્ષ તરફે તેના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદીનું સરતપાસ | ૦૫ |
| ૦૨ | અસલ ચેક | ૪૦ |
| ૦૩ | ચેક રીટર્ન મેમો | ૪૧ |
| ૦૪ | અસલ નોટીસ | ૪૨ |
| ૦૫ | નોટીસ પોસ્ટ દ્બારા મોક્યાની રીસીપ્ટ | ૧૪ |
| ૦૬ | નોટીસ પોસ્ટ દ્બારા મોક્યાની રીસીપ્ટ | ૪૩ |
| ૦૭ | નોટીસ ની બજવણી અંગેનો ટ્રેક રીપોર્ટ | ૧૫ |
| ૦૮ | નોટીસ ની બજવણી અંગેનો ટ્રેક રીપોર્ટ | ૧૬ |
| ૦૯ | બાહેધરી પત્રક | ૧૭ |
| ૧૦ | ખેરંચા તા.ભિલોડાના ખાતા નં.૧૦૯ નો ૮–એ ઉતારો | ૪૪ |
| ૧૧ | ચેક જમા કર્યાની પાવતી | ૨૫ |
| ૧૨ | ધી.સા.જી.મધ્ય.સહ.બેંક.લી.ફરીયાદી ખાતાનું સ્ટેટમેન્ટ | ૨૬ |
| ૧૩ | પુરાવા બંધની પુર્સીશ | ૨૭ |

(૭) આમ, ફરિયાદી તરફે વધુ પુરાવો રજુ કરેલ નથી. ત્યાર બાદ આરોપીનુ **ક્રિ.પ્રો.કો. કલમ – ૩૧૩** અન્વયે વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, **"ખોટો ચેકની ફરિયાદ કરેલ છે અમો નિર્દોષ છીએ" વધુમાં, બચાવમાં કોઈ સાહેદો તપાસવા તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવા ઈનકાર કરલે છે.**

(૮) જયારે, આરોપી તરફે કોઈ પુરાવા બચાવમાં તેઓ વિરુદ્ધના એન.આઈ.એક્ટની કલમ – ૧૩૯ સાથે કલમ – ૧૧૮ મુજબના કાયદાના અનુમાનનું ખંડન કરવા કોઈ પુરાવા રજુ કરેલ નથી કે, સાહેદો તપાસવામાં આવેલ નથી. અને, આરોપી પક્ષે આંક : ૩૦ થી કોઈ પુરાવા રજુ કરવા માગતાના હોવાનો અને, પુરાવો બંધ જાહેર કરતી પુર્શીસ રજુ કરલે છે.

(૯) ત્યાર બાદ, ફરિયાદીના વકીલશ્રીની દલીલ છે કે, આરોપી દ્વારા ચેકમાં થયેલી સહી અંગે કોઇ તકરાર લીધેલ નથી તથા ચેક આરોપીના હસ્તાક્ષરમાં લખાયેલ નથી તે અંગે પણ કોઇ તકરાર લીધેલ નથી. ફરિયાદીની આરોપ પક્ષે ઊલટ તપાસ થયેલ છે તેમાં, કોઈ સ્પસ્ટ હકીકત બચાવમાં આરોપી રેકર્ડ પર લાવેલ નથી કે જેથી આરોપી સામે નું કાયદાનું અનુમાનનું ખંડન થઇ શકે વધુમાં, ફરિયાદીની નોટિસનો આરોપીએ કોઈ વળતો જવાબ કે નોટિસ આપેલ નથી, જેથી પણ કલમ – ૧૧૮ સાથે કલમ – ૧૩૯ નું ખંડ કરવાની જવાબદારી આરોપીની રહેલ હોય જે ખંડન કરવામાં આરોપી સદંતર નિષ્ફળ ગયેલ છે તથા રેકર્ડ પર રજૂ થયેલ તમામ દસ્તાવેજો ને ધ્યાને લેતા આરોપી પાસે ફરિયાદીનું કાયદેસરનું લેણું બાકી રહેલ છે અને તે ચુકવણું કરવા આરોપીએ સવાલ વાળો ચેક લખી આપેલ હોવાનું સ્પસ્ટ રીતે રેકર્ડ પર પુરવાર થયેલ છે. આંક : ૧૭ થી બાહેધરી પત્ર રેકર્ડ પર રજુ થયેલ છે તેમાં સ્પસ્ટ પણે ચેક અને તેમાં લખેલ તારીખ અને લેહણી રકમનો ઉલ્લેખ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેથી આરોપી સામે એન.આઇ.એકટ કલમ – ૧૩૮ મુજબનો ગુનો પુરવાર થયેલ હોય આરોપીને મહતમ સજા, દંડ અને વળતરનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૧૦) જયારે, આરોપીના વકિલશ્રીની મુખ્ય મૌખિક દલીલ છે કે, ફરિયાદી એ આરોપી પાસે સવાલ વાળું લેણું ચૂકવવા માટે હિસાબ સમજાવી અને ચેક આરોપી પાસેથી સ્વીકારેલ હોઇ તેવો કોઈ સાહેદી કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષે રજૂ કરેલ નથી. એક લાખ સિત્તેર હજાર આરોપીના દીકરા પાસેથી ફરીયાદીને કોઈ કાયદેસરનું લેહણું ચૂકતેના હિસાબ પેટા સવાલ વાળો ચેક ફરીયાદીને હાલના આરોપીએ લખી આપેલ હોઈ તેવો કોઈ સ્પસ્ટ પુરાવા ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. આરોપીનો ચેક ફરિયાદી પાસે કેવી રીતે આવેલ છે તે અંગે પણ કોઇ

ખુલાસો ફરિયાદીએ રેકર્ડ પર કરેલ નથી. વધુમાં, તેઓની મુખ્ય દલીલ છે કે, વધુમાં, આરોપી પાસે કોઈ હિસાબ સમજી અને ચેક, લીધેલ હોઈ અને આરોપીને ચેક સ્વીકારતી વખતે કોઈ હિસાબ સમજાવી તેની નોંધ આરોપીની સહી સાથે કરલે હોઈ અને આરોપીએ સ્વેચ્છાએ ચેક આપેલ હોઈ તેવો ફરિયાદ પક્ષનો કેસ નથી રજુ થયેલ બાહેધરી પત્રમાં આરોપીની કોઈ સહી નથી અને આરોપીની હાજરીમાં લખાણ થયેલ હોઈ તેવો કોઈ પુરાવા ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરવાર કરલે નથી. તથા નોટરી એડવોકેટશ્રીને સાહેદ તરીકે બોલાવી તપાસેલ નથી. આમ, સમગ્ર વહેવાર શંકાસ્પદ હોય હાલની અરજીના કામે આરોપી વિરૂદ્ધ કલમ – ૧૧૮ સાથે ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા આરોપીએ પુરાવો આપવાની જરૂર નથી અને ફરિયાદીના દસ્તાવેજી અને સાહેદી સર તપાસ ધ્યાને લેતા, સમગ્ર વ્યવહાર શંકાસ્પદ જણાય આવે છે જેથી કાયદાના અનુમાનોનું ખંડન થયેલ છે જે અંગેની હકીકત ધ્યાને રાખતા આરોપી નિર્દોષ હોય આરોપીને હાલના ગુનામાંથી મુકત કરવા અરજ કરેલ છે.

**(૧૧)** સદરહુ ફરિયાદના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**૧.** શું ફરિયાદી નિંશક પણે પુરવાર કરે છે કે, સવાલ વાળો ચેકમાં આરોપીની સહી થયેલ છે?

**૨.** શું ફરીયાદી પુરવાર કરે છે કે, કેહવાતો ચેક, આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેહણા કે, દેવા પેટે કે પછી પાર્ટ પેમેન્ટ પેટે લખી આપેલ છે?

**૩.** શું ફરીયાદી પુરવાર કરે છે કે, કેહવાતો ચેક, તેઓએ બેંકમાં સમય મર્યાદામાં જમા કરાવેલ?

૪. શું ફરીયાદી પુરવાર કરે છે કે, તેઓએ આરોપીને આપેલ નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં, કોઈ જવાબ આપેલ નથી કે, સમય મર્યાદામાં નાણા ચૂકવી આપેલ નથી?

પ. શું ફરીયાદી પુરવાર કરેલ છે કે, કેહવાતો ચેક, પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોવરના શેરા થી પરત ફરેલ છે અને, જે આરોપ સામે એન.આઈ.એક્ટ કલમ – ૧૩૮ હેઠળ ફરિયાદ ચલાવવા માટે પુરતું કારણ છે?

૬. શું હુકમ?

(૧૨) મારા મુદ્દાના નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

**૧.** હકારમાં
**૨.** નકારમાં
**૩.** હકારમાં
**૪.** હકારમાં
**પ.** નકારમાં
**૬.** આખરી હુકમ મુજબ.

**– : મુદ્દાના નિર્ણયના કારણો : –**

**મુદ્દા નં.૧ થી ૫ : –**

(૧૩) આ કામે ફરિયાદી ને, **આંક – ૦૫** થી સરતપાસ સોંગદનામું રજુ કરેલ છે. ફરિયાદીએ તેઓની સરતપાસ સોંગદનામામાં ફરિયાદ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. જેથી એક ની એક હકીકતો નું પુનરાવર્તન ટાળવા માટે અહી સરતપાસ વિગતે નોધવામાં આવેલ નથી. ફરિયાદીએ આંક – ૧૫ થી ૧૭, સાથે આંક – ૨૫ થી ૨૬, અને આંક

– ૪૦ થી ૪૪ દસ્તાવેજો તેઓની ફરિયાદ અરજી અને કેહવાતા વ્યવહાર અંગે ની હકીકત તથા કાયદેસરના લેણાની હકીકત સાબિત કરવા સરતપાસના સોગંદનામાં સાથે રજુ કરલે છે.

(૧૨) વધુમાં, **ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૯** તથા **કલમ – ૧૧૮,** વંચાણે લેતાં એમ સ્પષ્ટ થાય છે કે, જો એક વાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરિયાદીને ચેક આપેલ છે. તો તેવા સંજોગોમાં કેટલાંક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોંગદ ઉપર જુબાની આપવી જ જોઇએ તેવો કોઇ કાયદાનો નિયમ નથી. આરોપી ફરિયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનુ ખંડન કરી શકે છે. ચુકાદાની સગવડતા ખાતર કલમ – ૧૧૮, તથા કલમ – ૧૩૯, નીચે મુજબ રજુ છે.

**Section : 118. Presumptions as to negotiable instruments** : – Until the contrary is proved, the following presumptions shall be made:

**(a) of consideration**. that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;(b) **as to date**. that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance**. that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer**. that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements**. that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp**. that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course**. that the holder of a negotiable instrument is a holder in due course:

**Provided that,** where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**Section : 139. Presumption in favour of holder : –** It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૩) આ તબ્બકે, ઉપરોક્ત બન્ને કાયદાના પ્રસ્થાપિત અનુમાનો અન્વયે, નામદાર સર્વોચ્ચ અદાલત નો ચુકાદો, **The Hon'ble Supreme Court of India in Kusum Ingots** & **Alloys Ltd and Ors v. K Pennar Peterson Securities Ltd and Ors., (2000) 2 SCC 745 ("Kusum Ingots Case"),** has clearly stipulated that "the ingredients which are to be satisfied for making out a case under the provision are: **(i)** a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out વધુમાં, **Banarshi Das Saini v. Inder, CC No.**7310/2017 of that account for the discharge of any debt or other liability; **(ii)** that cheque has been presented to the bank within a period of six months1 from the date on which it is drawn or within the period of its validity whichever is earlier; **(iii)** that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank; વધુમાં, **Rajesh Kumar vs. State Of Gujarat,** 1(2012) **Crimes (iv)** the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 152 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and **(v)** the drawer of such cheque fails to make payment of the said

amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice; If the aforementioned ingredients are satisfied then the person who has drawn the cheque shall be deemed to have committed an offence."

(૧૪) વધુમાં હાથ, પરના કેસમાં આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ અન્વયે ગુનાનો આરોપ છે. ત્યારે નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ સાથે કલમ – ૧૧૮ વાંચતાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના હોય છે. તેના અંગે નો ચુકાદો, નામદાર સર્વોચ્ચ અદાલત, **Mallavarapu Kasivisweswara Rao Vs Thadikonda Ramulu Firm & Ors. 2008 (8) SCALE 680**, માં નામદાર સર્વોચ્ચ અદાલતે એવી સિદ્ધાંત પ્રસ્થાપિત કરલે છે કે, "**Under Section 118(a) of the Negotiable Instruments Act, the court is obliged to presume, until the contrary is proved, that the promissory note was made for consideration.** It is also a settled position that the initial burden in this regard lies on the defendant to prove the non – existence of consideration by bringing on record such facts and circumstances which would lead the court to believe the non – existence of the consideration either by direct evidence or by preponderance of probabilities showing that the existence of consideration was improbable, doubtfull of illegal..." જેમ કે ફરિયાદીએ આરોપી પાસેથી જે ચેક સ્વીકારેલ છે તે કાયદેસરના લેણા પેટે સ્વીકારેલ છે. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા, **Rangappa Vs Sri. Mohan on 7 May, 2010 Criminal**

**Appeal No. 1020 of 2010** માં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, **para** 22 – "Because both section – 138 and – 139 require that the Court **"shall presume"** a liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn,...., it is obligatory on the court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. It introduced and exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused... Such a presumption is a presumption of law, as distinguished form a presumption of fact which describes provisions by which the court may presume a certain state of affairs. Presumption are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable probability of the non – existence of the presumed fact.

(૧૫) વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદોઓ માં પ્રસ્થાપિત સિદ્ધાંતો હાથપર ના કેસ ને લાગુ પડતા હોઈ તે પુરાવાના મૂલ્યાંકન અંગે અહી ધ્યાને લેવામાં આવે તો, **Hon'ble Supreme Court of India in Sunil Todi & Ors v. State of Gujarat, LL 2021 SC 706, Kalamani Tex v. P. Rajesh Kumar vs. State**

**Of Gujarat, 1(2012) Crimes, SCC OnLine SC 75; APS Forex Services Pvt. Ltd. v. Shakti International Fashion Linkers and Ors., AIR 2020 SC 945; Rohitbhai Jivanlal Patel v. State of Gujarat and Ors., AIR 2019 SC 1876 ("Rohitbhai Case"); Kumar Exports v. Sharma Carpets, (2009) 2 SCC 513 ("Kumar Exports Case"); K.N. Beena v. Muniyappan and Anr., (2001) 8 SCC 458; and Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra, 1964 Cri. LJ 437 :** ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો અને માર્ગદર્શિકા લક્ષે લેતા, ફરીયાદી અને આરોપીએ તેઓના કેસ અંગે શું હકીકતો અને પુરાવા રજુ કરવા અને કેવી રીતે પોતાનો કેસ સાબિત નાં સાબિત થાય તે અંગે માર્ગદર્શિકા આપેલ છે તે ધ્યાને લઈ એ તો ઉપરોક્ત ચુકાદોમાં કુલ – ૬ માર્ગદર્શિકા નો ઉલ્લેખ થયેલ છે.

**(i)** Once the execution of cheque is admitted; Section – 139 of the NI Act mandates a presumption that the cheque was for the discharge of legally, enforceable debt or liability;

**(ii)** The presumption under **Section – 139** is a **rebuttable presumption** and the onus is on the Accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities;

**(iii)** Something which is probable has to be brought on record by the Accused for getting the burden of proof shifted to the Complainant. To disprove the presumptions,

the Accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist;

**(iv)** The words "**unless the contrary is proved**" which occur in Section – 139, **make it clear that the presumption has to be rebutted by 'proof'** and **not by a bare explanation which is merely plausible**. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it **the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists**. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by Section – 139 NI Act cannot be said to be rebutted;

**(v)** To rebut the presumption, it is open for the Accused to rely on evidence led by him or Accused can also rely on the materials submitted by the Complainant in order to raise a probable defence. **Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely;**

(**vi**) That it is not necessary for the Accused to come in the witness box in support of his defence, **Section** 139 **imposed an evidentiary burden and not a persuasive burden**.

(૧૬) આમ, ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અને માર્ગદર્શિકાઓ ને લક્ષે લઇ હાલના કેસના સંદર્ભેમાં રજુ થયેલ પુરાવા નું મુલાચંકના કરીએ તો, બન્ને કાયદાના આ અનુમાન નિર્ણાયક પુરાવો નથી. પરંતુ, આ અનુમાનોનુ ખંડન આરોપી યોગ્ય પુરાવાથી કરી શકે છે. આ કામે આરોપીએ પોતે પુરાવો આપવો જરૂરી નથી. પરંતુ, ફરિયાદીની ઉલટ તપાસ દ્વારા પણ આ અનુમાનોનુ ખંડન કરી શકે છે. હાલના કેસમાં આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં ફરિયાદ વાળા ચેકમાં આરોપીની સહી છે તેવું અનુમાન કરવાને કારણ રહે છે. કારણ કે તેમાં આરોપીની સિગ્નેચર અંગે બચાવ પક્ષે કોઈ તકરાર લેવામાં આવેલ નથી, પરંતુ ચેકમાં થયેલ સહી સિવાયની હકીકતો ફરીયાદીએ ભરાવેલ હોવાનો બચવા આરોપી પક્ષે લીધેલ નથી. આ ઉપરાંત ફરિયાદ વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેકર્ડ પર લાવવા માટે આરોપી તરફે કોઈ પણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી, કે કેહવાતા ચેક પર આરોપીની સહી અંગે કોઈ પણ પ્રકારની તકરાર લીધેલ નથી જેથી ગર્ભિત રીતે ચેક પર આરોપીની સહી હોવાની હકીકત પુરવાર થયેલ છે. તેજ રીતે ફરીયાદીએ રેકર્ડ પર રજુ કરેલ આંક – ૧૪ થી ૧૫ તથા ૪૩ વાળા આધારો ધ્યાને લેતા, આરોપીને ફરીયાદીના વકીલશ્રી દ્વારા મોકલાવેલ ડીમાંડ નોટીસ બજી ગયેલ હોવાનું રેકર્ડ પર પુરવાર થયેલ છે કારણ કે તે દસ્તાવેજો અંગે આરોપી પક્ષે કોઈ તકરાર લીધેલ નથી કે, તે અંગે કોઈ, ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાને લીડ કરેલ નથી કે બચાવમાં પોસ્ટ ઓફીસના અધિકૃત કર્મચારીને કે પોસ્ટમેંન ને બોલાવી તપાસેલ નથી.

(૧૭) વધુમાં, **કલમ – ૧૩૯** મુજબનું **પ્રીઝમપશન** અંગે નામદાર સર્વોચ્ચ અદાલત નો ચુકાદો અહી ધ્યાને લેવો જરૂરી છે, **K.N. Beena v. Muniyappan, (2001) 8 SCC 458.** It was observed : "the presumptions may be rebutted by the accused either by leading direct evidence and in exceptional cases, from the case set out by the complainant himself i.e. from the averments in his complaint, in the statutory notice and even the evidence adduced by the complainant during the trial." The Court also noted that the burden of proof is to be discharged by the accused on preponderance of probabilities. વધુમાં આ કામે કયા કયા સંજોગોમાં અનુમાનોનુ ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે માટે નામદાર સર્વોચ્ચ અદાલતનો એક ચુકાદો આ કામે રીફર કરવો જરૂરી જણાતો હોય તે રીફર કરેલ છે, કે જેનાથી આ કેસમાં આરોપીએ લીધેલ બચાવના સંબંધમાં લાગુ પડે છે. જે નીચે પ્રમાણએ છે. **"Hiten P. Dalal v. Bratindranath Banerjee" AIR 2001 SUPREME COURT 3897** જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે, Negotiable Instruments Act (26 of 1881), S.139, S.138 – DISHONOUR OF CHEQUE – Dishonour of cheque – Presumption that cheque was drawn for discharge of liability of drawer – Is presumption of law – Ought to be raised by Court in every case – Rebuttal evidence – Nature – Mere plausible explanation is not sufficient – Proof of explanation is necessary. Evidence Act (1 of 1872), S.114, S.101, S.102, S.103, S.104.

(૧૮) **Section** 139. provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

**(૧૯)** The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which "**might reasonably be true and which is consistent with the innocence**" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted. (Para 23)

**(૨૦)** આરોપી સામે કલમ – ૧૧૮(એ) સાથે કલમ – ૧૩૯ નું અનુમાન થયેલ છે અને અનુમાન નું ખંડન કરવાની જવાબદારી

આરોપીના શિરે રહેલ છે. જે ખંડન કરવા માટે આરોપી તરફે ફરીયાદી ની વિસ્તૃતમાં ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં ફરીયાદી એ સ્પસ્ટ પુરાવો અને હકીકત જણાવેલ છે કે, હું એસ.એસ.સી. સુધી ભણેલો છું, હું ખેતી અને ઘી વાંદીયોલ ગૃપ સેવા સહકારી પાંડળીમાં સેક્રેટરી તરીકે કામ કરું છું. પટેલ રવિભાઈ શામળભાઈ ને હું છેલ્લા પાંચ વર્ષથી ઓળખું છું. પટેલ રવિભાઈ શામળભાઈ દસ્તાવેજ બનાવવાનુ અને ટાઈપ, રેવન્યુ નોધો કરવાનુ કામ કરે છે, મે કોઈ જમીન રાખેલ નથી, **અમોએ આરોપીને પૈસા આપેલા નહી પરંતુ તેમના દીકરા રવિભાઈ–પૈસા આપેલા, સાહેદ ખુલાસો કરલે છે કે, મે આ રકમ મારી મગફળી વેચી હતી તેમાં થયેલ આવકમાંથી આપેલા. વઘુમાં સાહેદ સ્વીકારે છે કે, મે મગફળી વેચી તેની રકમમાં થી આરોપીને પૈસા આપેલા તેવું નોટીસ, સરતપાસનુ સોગંદનામુ તથા ફરીયાદમા જણાવેલ નથી,** મારા વકિલશ્રીએ તૈયાર કરેલી અને તેમાં મે માત્ર સહી કરેલી, **રકમનો લેતી દેતીનો વ્યવહાર મે આરોપી સાથે કરેલો નથી પરંતુ આરોપીના દીકરા સાથે કરેલો છે.** સાહેદ ખુલાસો કરલે છે કે, મને આ ચેક તા.૫/૭/૨૪ ના રોજ આપેલો, મને આ ચેક આરોપીએ તેની દુકાન ભીલોડા આપેલો મને આ ચેક આરોપીએ તેમના દીકરા રવિની હાજરીમાં આપેલો. સાહેદ ખુલાસો કરે છે કે, ચેક મને આપેલો ત્યારે ચેક મારી હાજરીમાં જ લખાયેલો. **વઘુમાં સાહેદ સ્વીકારે છે કે, બેંકમાં ચેક રજુ કરવા માટે સ્લીપ ભરવી પડે અને મે આ કામે ફરીયાદ સાથે તેવી કોઈ સ્લીપ રજુ કરેલ નથી, સાહેદ જણાવે છે કે, હું સ્લીપ રજુ કરી આપીશ સાહેદ સ્વીકારે છે કે, તકરારી ચેક આપતી વખતે આરોપીએ કોઈ કરાર કરી આપેલ નથી,** તકરારી ચેક તા.૧૨/૭/૨૪ નો રોજ બેંકમાં જમા કરાવેલો, આ ચેક નકારાતા મને બેંક તરફથી ચેક રીટર્ન મેમો આપવામાં આવેલો, મને ચેકનો રીટર્ન મેમો કઈ તારીખે મળેલો તે હાલ મને યાદ નથી, આરોપીને નોટીસ તા.૬/૦૯/૨૪ ના રોજ આપેલી, મને આ નોટીસ આરોપીને કઈ તારીખે મળેલી તે મને ખબર કે, યાદ નથી મને નિ.૩/૪ વાળો

રજીસ્ટ્રર એડી કરેલાના નાણા ભર્યાની પાવતી બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, એમાં આરોપીનુ સરનામાં ભીલોડાનો ઉલ્લેખ કરેલો છે જેની રજુ દાખલ આંક : ૧૪ આવે છે, ભીલોડામાં મોટુ બજાર આવેલ છે, ભીલોડા મુકામે અલગ–અલગ વિસ્તાર – સોસાયટીઓ આવેલી છે, **મને આરોપી ભીલોડા મુકામે કઈ સોસાયટી કે વિસ્તારમાં રહે છે તે મને ખબર નથી, મે મોકલાવેલ નોટીસ તથા ફરીયાદમાં આરોપીનુ સરનામુ મામલતદાર કચેરીની બહાર ભિલોડા દર્શાવેલ છે, મને નિ.૩/૬ તથા નિ.૩/૭ બતાવતા આરોપીની સહી નથી જેને રજુ દાખલ આંક : ૧૫૧૬ આપવામાં આવે છે. મને નિ.૩/૮ બતાવવામાં આવે છે જેમાં થયેલ લખાણ વાળુ બાંહેધરી પત્રકમાં આરોપીની સહી કે ફોટો જણાઈ આવતો નથી જેને રજુ દાખલ આંક : ૧૭ આપવામાં આવે છે, આ નિ.૩/૮ વાળુ બાંહેધરી પત્ર મને રવિભાઈએ આપેલ છે આરોપીએ લખી આપેલ નથી, મારે આરોપી સાથે સીધો કોઈ નાણાકીય લેવડ–દેવડનો વ્યવહાર થયેલ નથી, મારે આરોપી સાથે કહેવાતી નાણાકીય લેવડ – દેવડ બાબતે કોઈ લખાણ થયેલ નથી,** આરોપીએ ચેક લખી આપેલ છે. સાહેદ ચેકમાં લખાણ અંગે ખુલાસો કરેલ છે કે, **તેમાં નામ, રકમ, તારીખ એક જ –પેનથી લખાયેલ હોવાનુ જણાઈ આવે છે. અને કહી શકું નહી કે, ચેક થયેલ સહી અલગ પેનાથી થયેલી છે.** વધુમાં, સાહેદ સ્વીકારે છે કે, હું સાબર કાઠા બેંક શામળાજીમાં ખાતું ધરાવું છું, હું મારા બેંકનું સ્ટેટ મેન્ટ સને ૨૦૨૪ – ૨૫ નું રજુ કરી આપીશ, **તા.૧૯/૦૬/૨૪ નારોજ આરોપીના દિકરાએ નોટરી કરી આપેલી, તે નોટરીમાં આરોપીની સહી નથી, આરોપીના દિકરાએ તકરારી પૈસા નોટરી રૂબરૂ લખાણ કરી અને આપેલ, આરોપીને રૂા. ૧,૭૦,૦૦૦/ આપ્યાની કોઈ પુરાવો મે રજુ કરેલ નથી,** હુ આવો કોઈ પુરાવો ના કોર્ટમાં રજુ કરી શકુ નહીં.

**(૨૧)** ઉપરોક્ત, ઉલટ તપાસ અને પુરાવા અંગે અહી નોધવું જરૂરી છે કે, ફરિયાદ પક્ષે આંક – ૪૧ થી રજુ થયેલ ચેક રીટર્ન મેમો ધ્યાને

લેવામાં આવે તો તેમાં, બેંકના કોઈ અધિકૃત અધિકારી કેશિયર કે બ્રાંચ મેનેજરશ્રીનો સહી થયેલ નથી. તથા તેના પર ઈલેકટ્રોનીક ઓટો જનરેટેડ હોવા અંગે કે તે ડીજીટલ ડોક્યુમેન્ટ હોવા અંગે તેના પર બેંકના અધીકુર્ત અધિકારી કે કેશિયર કે મેનેજરશ્રીની શાખ કે સહી સિક્કાની બેંકર્સ બુક એવીડન્સ એક્ટ સાથે ભારતીય પુરાવાના કાયદાની કલમ – ૬૫બી હેઠળ જરૂરીયાત રહેતી નથી અને માન્ય પુરાવા તરીકે ગણી શકાય તેવો કોઈ ઠોસ હકીકત સદર દસ્તાવેજમાં કે તે અંગે ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. તેજ રીતે ફરિયાદ પક્ષે રીટર્નમેંમા માં ઉલ્લ્ખે કરેલ ચેક પરત ફરવા અંગેના કારણ અન્વયે "20 – **Payment Stoped by Drawer"** ના શેરાથી પરત ફરેલ છે તે આરોપીએ ઈરાદા પૂર્વક પેમેન્ટ કાયદેસરનું ફરીયાદીનું લેહણું ચુકવવા માંથી છટકવા કે છેતરવાના ઈરાદા થી કરાવેલ હોઈ તેવો કોઈ પુરાવા દસ્તાવેજી કે સાહેદી ફરિયાદ પક્ષે રેકર્ડ પર રજુ થયેલ નથી અને તે અગે બેંકના કોઈ અધિકૃત કર્મચારી કેશિયર કે બેંક મેનેજરશ્રીને સાહેદ તરીકે બોલાવી તપાસેલ નથી. વધુમાં, ફરીયાદીએ રજુ કરેલ અસલ ચેક આંક : ૪૦ માં થયેલ લખાણ અલગ અલગ બોલ પેન દ્વારા અને અલગ અલગ હસતાક્ષરમાં લખાયેલ અને અંગેજીમાં આંકડા જયારે ગુજરાતીમાં શબ્દો લખાયેલ છે તેમાં, થયેલ સહી પણ આરોપીની હોવા સાથે ચેક આરોપીએ ફરીયાદીને તેઓના દીકરા વતી લેહણું ચૂકતે કરવાની જવાબદારી સ્વીકારી લખી આપેલ હોઈ તેવો કોઈ પુરાવા ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરવાર કરેલ નથી કારણ કે ફરિયાદ પક્ષે કાયદેરનું લેહણું હોવાનું અને તે આરોપીના દીકરા વતી આરોપીએ સ્વીકારી સવાલ વાળો ચેક લખી આપેલ હોવાની હકીકત પુરવાર કરેલ નથી તેના સમર્થનમાં ફરીયાદી એ આંક : ૧૭ થી નોટરી પબ્લિક વકીલ સમક્ષ લખી આપેલ કહેવતો બાહેધરી પત્રક રજુ કરલે છે તેમાં, લખી આપનાર તરીકે ચૌધરી રવીકુમાર શામળભાઈ ના નામ નો ઉલ્લેખ થયેલ છે પરંતુ તેમાં હાલના આરોપીના નામનો કે તેઓએ તેઓના પુત્રની જવાબદારી સ્વીકારી અને લેહ્ણું સ્વીકારી ચેક

લખી આપેલ હોઈ તેવો કોઈ ઉલ્લેખ થયેલ નથી. કે તે લેખમાં હાલના આરોપીએ કોઈ ગેરંટર તરીકે કે ત્રાહિત વ્યક્તિ તરીકે જવાબદારી સ્વીકારી હોઈ અને સહી કરેલ હોઈ તેવી કોઈ ઠોસ હકીકત કે પુરાવા ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. વધુમાં, ફરિયાદ પક્ષે આંક : ૨૫ થી રજુ થયેલ ચેક જમા કર્યાની સ્લીપમાં પણ ચેક જમા લેનાર બેંક અધિકારી કે કેશિયર કે બ્રાંચ મેનેજરશ્રી ની સહી થયેલ જણાતી નથી. જે હકીકત પુરવાર કરવા ફરિયાદ પક્ષે બેંકના મેનેજરશ્રી કે કેશિયર કે અધિકૃત અધિકારીને સાહેદ તરીકે બોલાવી તપાસેલ નથી. વધુમાં, ફરિયાદ પક્ષે આંક : ૨૬ થી રજુ કરેલ તેઓના બેંક સ્ટેટમેન્ટની નકલ ધ્યાને લેતા, તેમાં, બેંકના કોઈ અધિકૃત અધિકારી કેશિયર કે બ્રાંચ મેનેજરશ્રીનો સહી થયેલ નથી. તથા તેના પર ઈલેકટ્રોનીક ઓટો જનરેટેડ હોવા અંગે કે તે ડીજીટલ ડોક્યુમેન્ટ હોવા અંગે તેના પર બેંકના અધીકુર્ત અધિકારી કે કેશિયર કે મેનેજરશ્રીની શાખ કે સહી સિક્કાની બેંકર્સ બુક એવીડન્સ એક્ટ સાથે ભારતીય પુરાવાના કાયદાની કલમ – ૬૫બી હેઠળ જરૂરીયાત રહેતી નથી અને માન્ય પુરાવા તરીકે ગણી શકાય તેવો કોઈ ઠોસ હકીકત સદર દસ્તાવેજમાં કે તે અંગે ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. તેવીજ રીતે ફરિયાદ પક્ષે આંક : ૪૦ થી રેકર્ડ પર રજુ કરેલ અસલ ચેક, પર સાબરકાઠા ડીસ્ટ્રીક સેન્ટ્રલ કો.ઓ.બેંક.લી. નો સિક્કો થયેલ છે જે ફરીયાદીના બેંક દ્વારા કરવામાં આવેલ છે પરંતુ, તેના પર ચેક જમા લીધા અંગે કોઈ તારીખ કે, અધીકુર્ત અધિકારી કેશિયર કે બ્રાંચ મેનેજરશ્રીની સહી સિક્કો થયેલ નથી. અને સદર ચેક ક્યાં માધ્યમ થી આરોપી બેંકમાં સ્વીકારવા મોકલી આપવામાં આવેલ હતો તે અંગે કોઈ સ્પસ્ટ હકીકત ફરીયાદી બેંક દ્વારા તેઓ દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ આંક : ૪૧ વાળા રીટર્ન મેમામાં ઉલ્લેખ કરલે નથી. આ તબ્બકે, ફરીયાદી ની આરોપી પક્ષે થયેલ ઉલટ તપાસ ધ્યાને લેતા સાથે નામદાર બોમ્બે હાઈ કોર્ટનો ચુકાદો **Smt. Vandana w/o, Akhilesh Pandey Vs. Smt. Abhilasha w/o, Anil Pandey Criminal Appeal No.**

360/2017(**Bom HC**) માં પ્રસ્થાપિત સિદ્ધાંતો લક્ષે લેવામાં આવે તો, 9. In this context, Section 146 of the aforesaid Act is relevant, which reads as follows :- "146. Bank's slip prima facie evidence of certain facts. - The Court shall, in respect of every proceeding under this Chapter, **on production of bank's slip or memo having thereon the official mark denoting that the cheque has been dishonoured,** presume the fact of dishonour of such cheque, unless and until such fact is disproved." આમ ઉપરોક્ત હકીકત લક્ષે લેતા, આધારોની હકીકત ફરિયાદ પક્ષે નિશંક પણે પુરવાર કરેલ નથી અને ઉપરોક્ત નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો લક્ષે લેતા તેનો સીધો લાભ આરોપીને મળવા પાત્ર છે. વધુમાં, **આ તબ્બકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, B.Krishna Raddy Vs. Syed Hafeez Criminal Appeal No.** 1509/2019 **Crime** 2020(4) **H.C.** 289 (**SC**) માં પ્રસ્થાપિત સિદ્ધાંતો લક્ષે લેવામાં આવે તો, Documentary proof is required for showing the liability if cheque is claimed to have been received as consideration for sale-purchase of property. આ તબ્બકે, નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **Shri Dattatraya Vs. Sharanappa Criminal Appeal No.** 3257/2024, 2024 **INSC** 586 માં પ્રસ્થાપિત સિદ્ધાંતો લક્ષે લેવામાં આવે તો, While acknowledging the test of proportionality and having laid the interpretation of Section 139 of the NI Act 1881 hereof, it was further held that an accused cannot be obligated to rebut the said presumption through an unduly high standard of proof. ... Therefore, it may be said that the liability of the defence in cases under Section 138 of the NI Act 1881 is not that of proving its

case beyond reasonable doubt." આ તબ્બકે, નામદાર સર્વોચ્ચ અદાલત નો ચુકાદો **P Rasiya V/s. Abdul Nazer & anr. Criminal Appeal No.**1233 – 1235/2022 **Dt.** 12, **Agust** 2022 વાળા ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અને માર્ગદર્શિકા ધ્યાને લઈએ તો, "Due to the presumption under Section 139, once the signaure and cheque are not in dispute, it will be presumed that the cheque was issued for discharge of debt or liability in favour of complainant also the hon'ble Supreme court has held that, – in a cheque bounce case under Section – 138 of the Negotiable Instruments Act the complainant is not required to spell out in the compliant, the nature of transaction or source of fund since the onus is on the accused to prove that the cheque was issued not towards a debt or liability.

**(૨૨)** ઉપરોક્ત હાલના નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા પરથી એ હકીકત પ્રસ્થાપિત થયેલ છે કે, ફરીયાદી એ તેઓની ફરિયાદ દાખલ કરતી વખતે માત્ર કાયદેસરના લેણા પેટે નો ચેક મળેલ હોવાનું અને ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર કરવાનું રહે છે અને તે હકીકત પરથી આરોપી સામે કલમ – ૧૩૯ મુજબનું અનુમાન બંધાય છે. અને ફરીયાદી એ તેઓની ફરીયાદી મેં આવક નો સ્ત્રોત અને આર્થિક સ્થતિ રેકર્ડ પર પુરવાર કરવાની જરૂર નથી. આ તબ્બકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, **Hon'ble Supreme Court in the Kumar Exports Case (supra),** – "that the circumstantial evidence has to be seen from the point of a reasonable/prudent man. તથા નામદાર દેલ્હી હાઈ કોર્ટ દ્વારા, **V.S. Yadav v. Reena,**

**172 (2010) DLT 561, observed that:** "In order to rebut the presumption under Section 139 of N.I. Act, the Accused, by cogent evidence, has to prove the circumstance under which cheques were issued. **It was for the Accused to prove if no loan was taken why he did not write a letter to the Complainant for return of the cheque.**" આમ, જો આરોપીને ફરીયાદી સાથે કોઈ કેહવાતો વ્યવહાર થયેલ નથી તેઓ તેઓએ કેમ, ડીમાંડ નોટીસ નો પ્રત્યુતર આપેલ નથી. વધુમાં, **Supreme Court decision in Bir Singh v. Mukesh Kumar, (2019) 4 SCC 197,** wherein it was held that filling of persons by any person other than the accused would not invalidate the cheque and shall attract the presumption under Section 139 of NI Act. તથા, **Janak Yadav v. State of Bihar (1999) 9 SCC 125,** observed that, "Section 313 CrPC prescribes a procedural safeguard for an accused facing the trial to be granted an opportunity to explain the facts and circumstances appearing against him in the prosecution's evidence. That opportunity is a valuable one and cannot be ignored." It is a well settled law that protection is conferred to an accused person from prosecution for perjury by reason of any false answers he may give in response to his examination under the said provision, however, under such circumstances the court would be entitled to draw an inference, including such adverse inference against the accused as may be permissible in accordance with law. તથા, **Rajkumar v. State of M.P. (2014) 5 SCC 353.** ના કેસ માં પણ પ્રસ્થાપિત

કરલે છે અને એવું હેલ્ડ કરેલ છે કે, it is clear that the presumption is in favour of the complainant and the burden is upon the accused to rebut the presumption under section 139 of the NI Act. The accused has failed to explain as to how the cheque in question reached into the hands of the complainant under section 251 CrPC. However, he has explained the same in the statement recorded under section 313 CrPC. It is worthy to note that statement recorded under section 313 CrPC although not a substantive piece of evidence but it can be used for appreciating or lending credence to the evidence led by the complainant. તથા, **Hon'ble SC in Bir Singh v. Mukesh Kumar, (2019) 4 SCC 197**; wherein it has been held that: "It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted...

**38.** If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the Accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence...

**40.** Even a blank cheque leaf voluntarily signed and handed over by the Accused, which is towards some payment,

would attract presumption Under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

(૨૩) આમ ઉપરોક્ત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન સાથે આ તબ્બકે, નામદાર ગુજરાત હાઈ કોર્ટનો ચુકાદો **Ashishmumar Jayantilal Patel Vs. Prakashbhai Joitaram Patel D.C.R.A.**2023(2) 266 (**Gujarat HC**) માં પ્રસ્થાપિત સિદ્ધાંતો લક્ષે લેવામાં આવે તો, – 18. Applying the definition of the word "proved" in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists. **Patel Ashishkumar Jayantilal vs**

**Patel Prakashbhai Joitaram on 27 March, 2023** 19. The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. **R/CR.MA/7067/2022 ORDER DATED: 27/03/2023** 20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the nonexistence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove

the non– existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non–existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and139 of the Act." અહી, ફરીયાદી આરોપી પાસે કાયદેસરનું લેણું છે તે હકીકત પુરવાર કરવામાં ફરીયાદી નિષ્ફળ નીવડેલ છે અને ફરિયાદીની ઉલટ તપાસ પરથી પોતાની સામેની હાલની ફરિયાદ અનુ અન્વયે બંધાયેલ અનુમાનો નું ખંડન કરવામાં સફળ થયેલ છે. વધુમાં, આ તબ્બકે, નામદાર અદાલત

નો ચુકાદો, **Tukaram Vs. Dileep and Ors.** (**Neutral Citation:** 2024:**BHC-AUG:**10507) – (**High Court of Bombay**) (11 **Jun** 2024) Fundamental burden is on complainant to prove existence of legally enforceable debt **MANU/MH/**3472/2024 – **Hon'ble Court has held that, Section** 138 **of the N.I. Act** has three essential ingredients. **Firstly,** that there is legally enforceable debt. **Secondly,** that the cheque was drawn from account of bank for discharge in whole or in part any debt or other liability which presupposes a legally enforceable debt. **Thirdly,** cheque so issued has been dishonoured. Fundamental burden is on complainant to prove existence of legally enforceable debt and only if it is so proved, only then presumption available under law i.e. under Sections 118 and 139 of N.I. Act, automatically comes into play. **The Hon'ble Apex Court in the case of Krishna Janardhan Bhat v. Dattatraya Hegde**, has also clarified that existence of legally enforceable debt is not a matter of presumption. It merely raises a presumption in favour of the holder of the cheque that the same has been issued for discharge of any liability or debt. Only when accused fails to rebut the presumption, offence under Section 138 can be said to be brought home. આમ, ફરિયાદ પક્ષે રજુ સાહેદી પુરાવા સાથે, દસ્તાવેજી પુરાવા પરથી તેની સામે **કલમ – ૧૩૯** મુજબ નું અનુમાન ફેરવવામાં (રીબ્યુટ) કરવામાં આરોપીના વકીલશ્રી સફળ થયેલ છે. કારણ કે, આરોપી તરફે એ હકીકત રેકર્ડ પર સાબિત કરેલ છે કે, કેહવાતો વ્યવહાર આરોપીના દીકરા સાથે ફરીયાદીને થયેલ છે અને

તે અંગે રજુ થયેલ બાહેધરી પત્રકમાં આરોપીની શાખ કરનાર ગેરંટર કે જવાબદારી નાણા પરત ચુકવવા બાબતે થયેલ નથી. વધુમાં, રજુ થયેલ ચેકમાં થયેલ સહી અને હેડન રાઈટીંગ અલગ અલગ ભાષામાં અને અલગ અલગ બોલપેન થી અને અલગ અલગ વ્યક્તિઓ દ્બાર થયેલ છે. વધુમાં, આરોપીએ ને તેઓના દીકરાએ ફરિયાદ પાસેથી નાણા લીધેલ હોવાનું અને તે પરત ચુકવવા પેટે સવાલ વાળો ચેક આરોપીએ લખી આપી બાદમાં સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોવાની હકીકત પુરવાર થતી નથી જેથી, આ તમામ હકીકતો ધ્યાને લેતા ફરીયાદી  પુરવાર કરી શકેલ નથી કે હાલના આરોપીએ ફરિયાદીને કાયદેસરની લેણી રકમ પેટે ચેક આપેલ અને આરોપીએ નેગોશીએબલ ઈન્સ. એક્ટની **કલમ – ૧૩૮** મુજબનો ગુન્હો કર્યો હોય તેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**– : : હુકમ : : –**

આમ, હાલની ફરિયાદ અરજીના કામે, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ની કલમ – ૨૭૮(૧) અન્વયે **આરોપી : પટેલ શાંમળભાઈ કાળાભાઈ,** ઉ.વ. પુખ્ત, સ્ટેમ્પ વેન્ડર – મામલતદાર કચેરીની બહાર, તા. ભિલોડા, મુ. તા. ભિલોડા, જી. અરવલ્લી. વાળાને ધી નેધોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ – ૧૩૮ અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર ચુકાદો આરોપી પર પકડ વોરંટના સ્ટેજ પર તેઓના વી.વકીલશ્રીની હાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. અને, જેથી આરોપીના ટ્રાયલ દરમ્યાનના જામીન તથા જાત મુચરકા આથી રદ જાહેર કરવામાં આવે છે.

વધુમાં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ – ૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૧૫૦૦૦/– ના અપીલ પિરિયડના જામીન તથા જાત મુચરકો દિન – ૧૦ માં રજુ કરવા માટે, નોટિસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા.૧૧, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી  અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**સ્થળ : ભિલોડા.**
**તા. ૧૧/૦૩/૨૦૨૬**

**(આનંદ. એ. દવે)**
**જુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ – ભિલોડા.**
**જીલ્લો – અરવલ્લી, (GJ– 01442)**

**ટાઈપ કરનાર :** એ.જે. તીરવાલા (ગુજ.સ્ટેનોગ્રાફર)